વર્ષ ૨૦૨૬-૨૭ નવી બાબત
જેન્ડર મેઇનસ્ટ્રીમિંગ

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/AWR/e-file/23/2025/1429/A

સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા:-**

(૧) જેન્ડર રિસોર્સ સેન્ટરની કચેરીનો તા.૧૬/૧૨/૨૦૨૫નો પત્ર

**પ્રસ્તાવના:**

જેન્ડર રિસોર્સ સેન્ટરના વંચાણે લીધેલ ક્રમાંક(૧) હેઠળના તા.૧૬/૧૨/૨૦૨૫ના પત્રથી જેન્ડર મેઇન્સ્ટ્રીમિંગ માટે સને ૨૦૨૬-૨૭માં રૂ.૪.૧૫ કરોડની નવી બાબતની જોગવાઇ કરવા દરખાસ્ત કરવામાં આવેલ.જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

રાજ્યમાં જાતિગત સમાનતાને પ્રસ્થાપિત કરવાના અભિગમથી વિકાસના મુખ્ય પ્રવાહમાં જાતિગત બાબતનો સમાવેશ થાય તે સુનિશ્ચિત કરવા માટે ઘનિષ્ઠ સંશોધન અને મૂલ્યાંકન, ક્ષમતાવર્ધન તેમજ પ્રચાર-પ્રસારની કામગીરી કરવા "જેન્ડર મેઇસ્ટ્રીમિંગ" માટે રૂ.૪.૧૫ કરોડની જોગવાઇ ધરાવતી નવી બાબતને આથી નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

૧. જેન્ડર મેઇન્સ્ટ્રીમિંગ અંતર્ગતની પ્રવૃત્તિઓ અને તે માટેની નાણાકીય જોગવાઇ નીચે મુજબની રહેશે.

| **ક્રમ** | **જેન્ડર મેઇન્સ્ટ્રીમિંગ અંતર્ગતની પ્રવૃત્તિઓ** | **નાણાકીય જોગવાઇ(રૂ. કરોડમાં)** |
|---|---|---|
| ૧ | કોલેજો અને યુનીવર્સીટીના માધ્યમથી યુવાનો તેમજ સમુદાયમાં જાતિગત સમાનતા બાબતે જાગૃતિ લાવવા કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણની કચેરીના સંકલનમાં ૪૦ સરકારી કોલેજો તેમજ ૨૫ યુનીવર્સીટીમાં તેમજ અન્ય કોલેજો, સ્કૂલો અને યુનીવર્સીટીમાં સેતુ પ્રોગ્રામ અમલી બનાવવા | ૧.૦૦ |
| ૨ | રાજ્યના તમામ વિભાગોના અધિકારીઓ/ કર્મચારીઓ તથા મહિલા અને બાળ વિકાસ વિભાગના બધા સ્ટેકહોલ્ડરોની નીચે મુજબના વિષયો પર તાલીમ કાર્યક્રમો આયોજિત કરવા<br>**1. 'Ehsaas Nyay Ke Liye – Gender Sensitization Programme' નો રાજ્યવ્યાપી વિસ્તાર-** માન. ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશશ્રીએ | ૧.૬૫ |

| | | |
|---|---|---|
| | માર્ગદર્શન આપી આ કાર્યક્રમને સમગ્ર ૩૩ જિલ્લાઓમાં વિસ્તૃત કરવાનો નિર્દેશ આપ્યો છે.જે મુજબ દરેક જિલ્લામાં માસ્ટર ટ્રેઈનર તૈયાર કરવા તાલીમ સત્રો, ફેકલ્ટી, સ્થળવ્યવસ્થા, તાલીમ સામગ્રી, પ્રવાસ તથા લોજિસ્ટિક્સ માટેની વ્યવસ્થા કરવા માટે<br>**2. Kasturba Gandhi Balika Vidhyalaya (KGBV) – Gender Sensitization & Life Skills Trainings- KGBV** ની કિશોરીઓ માટે રાજ્યભરમાં મોટી સંખ્યામાં તાલીમ કાર્યક્રમો યોજવા માટે તાલીમ સામગ્રી, સંસાધન વ્યક્તિઓ, ફિલ્ડ ટીમ, મુસાફરી વગેરેના ખર્ચ<br>**3. Suo Motu Writ Petition No. 07/2025 – Gujarat High Court**માં માન.મુખ્ય ન્યાયાધીશશ્રીએ દાહોદ જિલ્લામાં **Gender Resource Centre** અને **Gujarat State Legal Services Authority** દ્વારા સંયુક્ત તાલીમ કાર્યક્રમો યોજવા<br>**4. NCW Chairperson** ના સૂચનથી **Intensive Trainings (Internal Committee & Local Committee)** તા.૦૩/૦૧/૨૦૨૫ દરમિયાન NCW અધ્યક્ષશ્રીની ગુજરાત મુલાકાત અને મુખ્ય સચિવશ્રી સાથેની બેઠકમાં Internal Committee (IC) અને Local Committee (LC)ના સભ્યો માટે **Rigorous Trainings** યોજવાનું નિર્દેશ મળ્યો હતો. Large-scale training roll-out, સંકલન, સ્થળવ્યવસ્થા, તાલીમ સામગ્રી, પ્રવાસ અને હૉસ્પિટાલિટી ખર્ચ માટે<br>**5. NIMHANS, Bengaluru સાથે Counselling Trainings-** NIMHANS સાથે સંયુક્ત તાલીમો — Counselling Skills, Trauma Support, Psychological First Aid —2026 - 2027 દરમ્યાન યોજાનાર છે. External Faculty, Training Modules, Logistics, સંકલન વગેરેના ખર્ચ માટે<br>**6. GRIT (Gujarat Rajya Institution for Transformation)** ની ભલામણ GRIT દ્વારા પ્રક્રિયા આધારિત KPIs મુજબ રાજ્યના જિલ્લા, વિભાગો અને સ્થાનિક સંસ્થાઓમાં જેન્ડર સેન્સિટાઈઝેશન કાર્યક્રમોના વ્યાપક અમલીકરણ માટે ભલામણ કરવામાં આવી છે. આ ભલામણને અનુરૂપ જાતિગત સમતાના મૂલ્યોને સંસ્થાગત સ્વરૂપ આપવા માટે | |
| ૩ | રાજ્યના તમામ વિભાગોના અધિકારીઓ/ કર્મચારીઓ, તમામ ખાતાના વડાના અધિકારી / કર્મચારીઓ સાથે સંકલનમાં નારી ગૌરવ નીતિ ૨૦૨૪,જેન્ડર રિસ્પોન્સિવ બજેટીંગ, જેન્ડર ઓડીટ, જેન્ડર ફોકસ, જેન્ડર ઓરીએન્ટેડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આઈ.ઈ.સી. મટીરીયલ માટે | ૧.૦૦ |
| ૪ | મહિલાઓના વિકાસમાં અવરોધક પરિબળો અને તેની પરિસ્થિતિઓની ઓળખ કરવા માટે વિવિધ પદ્ધતિઓ જેમ કે, ઘનિષ્ઠ અભ્યાસ, જેન્ડર ઓડીટ, ઈમ્પેક્ટ એસેસમેન્ટ તેમજ નીડ એસેસમેન્ટ પદ્ધતિઓનો ઉપયોગ કરીને લાંબાગાળા અને ટૂંકાગાળાના સંશોધનો કરવા. | ૦.૫૦ |
| | **કુલ** | **૪.૧૫** |

૨. આ મંજુરી નીચેની શરતોને આધીન રહેશે.

(૧) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી જેન્ડર રિસોર્સ સેન્ટરે રાખવાની રહેશે.

(૨) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૩) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૪) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૬) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૭) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૯) સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૧૦) આ અંગેનો ખર્ચ તા.૦૧.૦૪.૨૦૨૬થી કરવાનો રહેશે.

(૧૧) આ અંગેનો ખર્ચ બજેટ સદર ૧૦૬-૨૨૩૫-૦૨-૧૦૩-૩૮ જેન્ડર રિસોર્સ સેન્ટર અંતર્ગત કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૪/૦૫/૨૦૨૬ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ફાલ્ગુની મોડિયા
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણ(સ્વ.હ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.

- સચિવશ્રી,મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી,જેન્ડર રિસોર્સ સેન્ટર,ઉદ્યોગ ભવન,સેક્ટર–૧૧, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી,ઇ (બજેટ)/સંકલન શાખા મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી,મહિલા અને બાળ વિકાસ વિભાગ તરફ વિભાગની વેસાઇટ ઉપર અપલોડ કરવા સારૂ.
- સિલેકટ ફાઇલ.